અપીલ અરજી નં.૨૪૦ તા.૪–૧૧ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી રેખાબેન હસમુખલાલ માંડવીવાલા
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રેખાબેન હસમુખલાલ માંડવીવાલાની તા.૧૭–૮–૧૦ ની અરજીથી ડીસ્ટ્રીકટ સુરત સબ ડીસ્ટ્રીકટ ચોર્યાસી, તાલુકો ચોર્યાસી, ના ગામ મોજે ઉધનામાં આવેલ રે.સ.નં.૧૧/૧૨, પ્લોટ નં.૩૫, દેવચંદ નગર ઉધના ઝોન ઓફિસ પાસે, સુરત. ટેના નં.૨૭એ–૦૭–૦૭૭૧–૦–૦૦૧ વાળી મિલ્કત માં કોઈપણ પ્રકારનો માલિકી ફેરનો વ્યવહાર કરેલ નથી તેમ છતાં વેરા બિલમાં ત્રાહિત વ્યકિતઓના નામો ચઢી ગયેલ છે. તા.૨૬–૩–૮૪થી આજદિન સુધી આકારણીના વેરા બિલમાં નામો ચઢાવવા માટે આપના વિભાગમાં રજુ કરેલ તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૪–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૪૦/૨૦૧૦–૧૧

શ્રી રેખાબેન હસમુખલાલ માંડવીવાલાની તા.૧૭–૮–૧૦ ની અરજીથી ડીસ્ટ્રીકટ સુરત સબ ડીસ્ટ્રીકટ ચોર્યાસી, તાલુકો ચોર્યાસી, ના ગામ મોજે ઉધનામાં આવેલ રે.સ.નં.૧૧/૧૨, પ્લોટ નં.૩૫, દેવચંદ નગર ઉધના ઝોન ઓફિસ પાસે, સુરત. ટેના નં.૨૭એ–૦૭–૦૭૭૧–૦–૦૦૧ વાળી મિલ્કત માં કોઈપણ પ્રકારનો માલિકી ફેરનો વ્યવહાર કરેલ નથી તેમ છતાં વેરા બિલમાં ત્રાહિત વ્યકિતઓના નામો ચઢી ગયેલ છે. તા.૨૬–૩–૮૪ થી આજદિન સુધી આકારણીના વેરા બિલમાં નામો ચઢાવવા માટે આપના વિભાગમાં રજુ કરેલ તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલ ની માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઝોન/અકણ(આર.ટી.આઈ.)/૨૫૧ તા.૪–૧૦–૧૦ થી આપેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા સાથે ત્રાહિત અંગે કરેલ તમામ કાર્યવાહીના કાગળો સહિત અપીલમાં તેમનો પક્ષ રજુ કરવા પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૪૧ તા.૧૮–૧૧–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં તેમનું સદર મિલ્કતમાં હિત હોવાના આધાર પુરાવા હોય તો રજુ કરવા તથા વ્યાપક જાહેર હિતમાં માહિતી જાહેર કરવા અંગેનું વાજબીપણું રજુ કરવા તથા ત્રાહિત કબ્જેદાર શ્રી મીનાબેનને માહિતી જાહેર કરવાથી તેમને થતી હાનિ/નુકશાન અંગે વિગતો સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૪૨૬ તા.૩–૧૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, ઈ.ચા. ઓફિસર સીવીક સેન્ટર ઉધના તરફથી પત્ર નં.સા.ઝોન/ અકણ/આરટીઆઈ/૧૪૯ તા. ૨૧–૮–૧૦ થી આકારણી અને વસુલાત વિભાગને મોકલેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારની વેરાબીલની રસીદની નકલ, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી ત્રાહિત મીનાબેનને રજૂઆત કરવા તક આપ્યા અંગે પત્ર નં.સા.ઝોન/અકણ/ આરટીઆઈ/આ.નં.૧૯૫ તા.૯–૯–૧૦ ની નકલ તથા તેને યુપીસી કર્યા અંગેની પહોંચ, ત્રાહિત/કબ્જેદાર તરફથી તા.૧૮–૯–૧૦ ના પત્રના જવાબની નકલ, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી ઉધનાઝોન તરફથી પત્ર ને.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૫૧ તા.૪–૧૦–૧૦ થી અરજદારને આપેલ ઈન્કારના જવાબની નકલ તથા તેની યુપીસી કર્યા અંગેની પહોંચની નકલ અત્રેના વિભાગને પૂરક વગતોમાં મળેલ છે. જયારે અરજદાર તરફથી વેચાણ દસ્તાવેજ નં.૮૯૨૯/૯૯ તા.૨૬–૩–૧૯૮૪ તથા ૮૮/૮૯ ના આકારણી બીલની નકલ બીલ આપેલ છે.

અરજદારની તા.૧૭–૮–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ત્રાહિત પક્ષકારે માહિતી /નકલો આપવા અંગે વાંધો ઉઠાવી ન આપવા જણાવેલ છે. જેથી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટની કલમ–૧૧(૨) હેઠળ માહિતી/નકલો આપવા અંગે હું ઈન્કાર કરું છુ એવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારીએ ત્રાહિતને સદર મિલ્કત બાબતે અરજદારને માહિતી આપવી કે કેમ? તે બાબતે વાંધો હોય તો પત્ર મળ્યેથી મોકલી આપવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને ત્રાહિત તરફથી તા.૧૮–૯–૧૦ થી સદર મિલ્કતના માલિક તથા તેનો કબ્જો તેમની પાસે હોવાનું જણાવેલ અને અરજદાર ખોટી માહિતી માંગી અમોને હેરાન કરે છે તેમજ કોઈ પણ દસ્તાવેજી માહિતી અરજદારને આપવા સામે સખત વાંધો અને વિરોધ છે તેવું જણાવેલ છે. અરજદાર તરફથી સદર મિલકત બાબતે પુરાવારૂપે રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં.૮૯૨૯/૯૯ ની નકલ તથા અપીલ તબકકે સને ૧૯૮૮–૮૯ ના વેરાબીલની નકલ રજૂ કરેલ છે. અરજદારે અપીલ તબકકે સદર મિલકત સને ૧૯૮૪ માહે માર્ચ દિન–૨૬ ના રોજ રજીસ્ટર દસ્તાવેજથી ખરીદ કરેલ છે આજ દિન સુધી સદર મિલ્કતનું કોઈ પણ પ્રકારે વેચાણ તેમજ અન્ય કોઈ પણ પ્રકારનો માલીકી ફેરનો વ્યવહાર કરેલ નથી. તેમ છતાં વેરાબીલમાં ત્રાહિત વ્યકિતઓના નામો ચઢી ગયેલ છે તથા તા.૨૬–૩–૧૯૮૪ થી આજ દિન સુધીના મ્યુ. આકારણીના વેરાબીલમાં ચઢાવવા માટે રજૂ કરેલ તમામ દસ્તાવેજી પુરાવાની નકલ આપવા રજૂઆત કરેલ. જેના અનુસંધાને ત્રાહિત તરફથી માહિતી/નકલો આપવા વાંધો ઉઠાવેલ છે.

અરજદાર શ્રી રેખાબેન હસમુખલાલ માંડવીવાલાની નામ તબદીલી દસ્તાવેજોની માંગણી સામે ત્રાહિત શ્રી મીનાબેન સનમુખલાલ જરીવાલાના ઈન્કાર અંગે કોઈ દસ્તાવેજો રજૂ કરેલ નથી પણ સુમપાના કિયોસ્ક મશીન પરના પ્રિન્ટના સ્ટેટસ મુજબ ઓનર તરીકે મીનાબેન સનમુખલાલ જરીવાલાનું નામ છે. જયારે અરજદારે સુમપાના મિલ્કતવેરાના રજૂ થયેલ સને ૧૯૮૮–૮૯ ના વેરાબીલમાં કર ભરવાને પાત્ર થનાર રેખાબેન હસમુખલાલ માંડવીવાલાનું નામ છે અને તેમણે રજૂ કરેલ વેચાણ દસ્તાવેજમાં પણ તેમનું નામ છે. અરજદારે ૧૯૮૪ થી આજ દિન સુધી વ્યવહારની માહિતી માંગેલ છે. રજૂ થયેલ દસ્તાવેજ જોતાં ૧૯૮૪ થી ૧૯૮૮–૮૯ સુધી સીધા હિતધારક હતા ત્યાર પછી અરજદાર , ત્રાહિત કે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી સ્ટેટસ રજૂ કરેલ નથી. તે ઘ્યાને લેતાં આ નામ તબદીલી નામ બાબતેની માહિતી અને નકલો ત્રાહિતના વાંધા હેઠળ ઈન્કાર કરવાનું પ્રથમદર્શી કારણ જણાતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૮–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતીના અનુસંધાને અરજદારને મિલ્કતના હિત હોવાના પુરાવા રજૂ કરવા બાબતે તેમણે રજૂ કરેલ રજીસ્ટર વેચાણ દસ્તાવેજની નકલ તથા સને ૧૯૮૮–૮૯ ના વેરાબીલની નકલ રજૂ કરેલ. ત્રાહિતને માહિતી જાહેર કરવાથી તેમને થતી હાનિ/નુકશાન અંગેની વિગતો સ્પષ્ટ કરવા જણાવેલ. જેના અનુસંધાને સદર મિલ્કત બાબતે કોઈ પણ પુરાવા રજૂ કરેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારીએ લખેલ પત્રના અનુસંધાને સદર મિલકતના માલિક તથા મિલ્કત અમારા કબ્જામાં છે એવી રજૂઆત કરેલ. આમ બંને પક્ષકાર તેમના નામે મિલ્કત હોવાનું દાવો કરેલ છે. સદર હકીકત જોતાં ફરીયાદની હકીકતના ઉતરાર્ધ ભાગમાં નિર્દિષ્ટ કરેલ વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ દસ્તાવેજી ફી ભરપાઈ કર્યેથી આકારણીના વેરાબીલમાં નામો ચઢાવવા માટે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાની નકલ અરજદાર શ્રી રેખાબેન હસમુખલાલને અત્રેની જાણ હેઠળ દિન–૧૫ માં પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

ઉપરની વિગતે અપીલનો નિકાલ કરવામાં આવે છે. ત્રાહિત શ્રી મીનાબેન સનમુખલાલ જરીવાલાને તે અંગે કોઈ નારાજગી હોય તો આ હુકમની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી આયોગ, ગાંધીનગર, સેકટર–૧૮ ને બીજી અપીલ કરવા હકદાર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧)એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન).જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રેખાબેન હસમુખલાલ માંડવીવાલા,
(૩) શ્રી મીનાબેન સન્મુખલાલ જરીવાલા,